
ભારત દેશમાં અધધધ... બેરોજગારી ! સુરત મનપામાં

# 2483 જગ્યા માટે 2.25 લાખ ફોર્મ ભરાયાં!

**એક** બેઠક પર સરેરાશ 100 નોકરીવાંચ્છુઓ, બેજ દિવસમાં 65 હજાર ફોર્મ ભરાયા

**ક્લાર્ક** માટે 1 લાખ ફોર્મ ભરાયાં, માર્શલ માટે 27 હજાર અને સ્ટાફ નર્સ માટે 20 હજાર અરજી




સુરતઃ દેશમાં કેટલી બેરોજગારી છે તેનો અંદાજ સુરત મહાપાલિકામાં વિવિધ કેડરની 2483 જગ્યા માટે આવેલા ફોર્મ પરથી આવી શકે છે. 2483 બેઠક માટે અંદાજે 2.25 લાખ નોકરીવાંચ્છુઓ દ્વારા ફોર્મ ભરવામાં આવ્યા છે. એટલે કે આશરે એક પોસ્ટ માટે નોકરીવાંચ્છુઓની સંખ્યા 100 જેટલી અંદાજી શકાય છે.

સુરત મહાનગરપાલિકા દ્વારા 2395 અને વધારાની 88 મળીને કુલ 2483 જેટલી વિવિધ કેડરની જગ્યાઓ પર ભરતી માટે આજે ફોર્મ ભરવાનો અંતિમ દિવસ હતો. મનપાના વિવિધ વિભાગોમાં સરકારી નોકરી મેળવવા માટે મોટી સંખ્યામાં નોકરીવાંચ્છુઓએ અરજી કરી હતી. અત્યાર સુધીમાં અંદાજે 2.25 લાખ જેટલી અરજીઓ નોંધાઈ છે. જેમાં સૌથી વધુ ક્લાર્ક માટે 1 લાખથી વધુ નોકરીવાંચ્છુઓએ દાવેદારી નોંધાવી છે. આ ઉપરાંત માર્શલની જગ્યા માટે 27 હજાર અને સ્ટાફ નર્સ માટે 20 હજાર જેટલી અરજીઓ આવી છે. છેલ્લા 2 દિવસમાં જ અરજીઓનો ભારે ધસારો રહેતા 65 હજાર જેટલા નવા ફોર્મ ભરાયા છે. આજે રાત્રે 11:00 વાગ્યા સુધી ફોર્મ ભરવાની મુદત હોય, આવતીકાલે સવાર સુધીમાં આખરી આંકડો હજુ પણ વધવાની શક્યતા સેવાઈ રહી છે.

### ભરતી મામલે ફેક જાહેરાતો પ્રસારિત કરનાર સામે મનપા દ્વારા પોલીસ ફરિયાદ કરાઈ

આ ભરતી પ્રક્રિયા વચ્ચે સોશિયલ મીડિયા પર ગેરમાર્ગે દોરતી પ્રવૃત્તિઓ પણ સામે આવી છે. બુધવારે ફેક સોશિયલ મીડિયા એકાઉન્ટ પર મનપામાં ભરતી અંગેની ખોટી જાહેરાતો પ્રસારિત કરવામાં આવી હતી. આ ગંભીર બાબતને ધ્યાને લઈ સુરત મહાનગરપાલિકાના વહીવટી તંત્રે ત્વરિત કાર્યવાહી હાથ ધરી છે અને ખોટી અફવાઓ ફેલાવનારા તત્વો સામે સાયબર ક્રાઈમમાં સત્તાવાર ફરિયાદ નોંધાવી છે. મનપાએ નોકરીવાંચ્છુઓને માત્ર સત્તાવાર વેબસાઈટ પરની માહિતી પર જ વિશ્વાસ રાખવા અપીલ કરી છે.

# વોર્ડ નં.10માં અડાજણમાં ભાજપના ઉમેદવારોને રહીશોએ ઘેરી લીધા

**ડેમેજ** કંટ્રોલ માટે પૂર્ણેશ મોદી મોડી રાત્રે દોડતા થયા

સુરતઃ સુરત મહાનગરપાલિકાના શાસકો સામે જનતાનો મિજાજ હવે આકરો બની રહ્યો છે. છેલ્લાં 30 વર્ષથી સત્તાના સિંહાસન પર બિરાજમાન ભાજપના કોર્પોરેટરો ચૂંટણી જિત્યા બાદ પ્રજાને વિસરી જતા હોવાના ગંભીર આક્ષેપો વચ્ચે હવે ગ્રાઉન્ડ લેવલ પર તેમનો ઉગ્ર વિરોધ શરૂ થયો છે. વોર્ડ નંબર-10ના અડાજણ, પાલ અને ઈચ્છાપોર વિસ્તારમાં સ્થિતિ ત્યારે વણસી જ્યારે ભાજપના ઉમેદવારો પ્રચાર માટે અડાજણ ગામમાં પહોંચ્યા હતા. સ્થાનિક રહીશોએ વર્ષોથી વણઉકલ્યા પ્રશ્નો અને પ્રાથમિક સુવિધાઓના અભાવે ઉમેદવારોને ચારે તરફથી ઘેરી લીધા હતા. લોકોએ માત્ર ઉગ્ર સૂત્રોચ્ચાર જ ન કર્યા, પરંતુ 'ચૂંટણી ટાણે જ કેમ દેખાઓ છો?' તેવા વેધક સવાલો પૂછી નેતાઓને રીતસરના ભીંસમાં લીધા હતા. આક્રોશ એટલો તીવ્ર હતો કે ઉમેદવારોએ ત્યાંથી રવાના થવું પડ્યું હતું, જેના કારણે ભાજપના ગઢ ગણાતા આ વિસ્તારમાં ભંગાણના સંકેતો દેખાતા પક્ષના મોવડી મંડળમાં ફફડાટ વ્યાપી ગયો છે.

સ્થાનિકોના આ વિરોધને પગલે ભાજપમાં 'ડેમેજ કંટ્રોલ'ની કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરવામાં આવી છે. મામલો થાળે પાડવા માટે વિધાનસભાના ઉપાધ્યક્ષ અને પશ્ચિમના ધારાસભ્ય પૂર્ણેશ મોદી પોતે મેદાનમાં આવ્યા હતા અને મોડી રાત્રે પૂર્વ કોર્પોરેટર ઉષાબેન પટેલના નિવાસસ્થાને બેઠકોનો દોર શરૂ કર્યો હતો. ખાસ કરીને નવા સમાવિષ્ટ વિસ્તારોમાં પાંચ વર્ષ પછી પણ રસ્તા, પાણી અને ડ્રેનેજ જેવી પાયાની જરૂરિયાતો સંતોષાઈ ન હોવાથી સોસાયટીઓની બહાર 'ભાજપના નેતાઓએ પ્રવેશ કરવો નહીં' તેવાં બેનરો પણ લાગવા માંડ્યાં છે. નોંધનીય છે કે, માત્ર ભાજપ જ નહીં પરંતુ ક્યાંક ક્યાંક આપને પણ જનતાના સવાલોનો સામનો કરવો પડી રહ્યો છે.

ચૂંટણીના આ જંગમાં મતદારો હવે નેતાઓના પોકળ વાયદાઓને બદલે સીધા હિસાબ માંગી રહ્યા છે, જે આગામી પરિણામોમાં સત્તાધારી પક્ષ માટે મોટો પડકાર સાબિત થઈ શકે છે.

# વોર્ડ નં.11માં ભોજન મુદ્દે બબાલ થતાં મહિલા ઉમેદવાર રડી પડ્યા

**ભાઈ** સ્ટાઈલના ઉમેદવારના સમર્થકે ભોજન માટે બબાલ કરીને થાળી ફેંકી દેતા હોબાળો થયો

સુરતઃ ભાજપમાં વોર્ડ નંબર-11માં બે ટિકિટ ફાળવણી થઈ છે, જેમાં બે અલગ અલગ નેતાનાં ગ્રુપ છે તેના કારણે પ્રચારમાં ઘર્ષણ થઈ રહ્યું હોવાની વાત શરૂ થઈ છે. ગઈકાલે મોડી રાત્રે અડાજણ ગુજરાત ગેસ સર્કલ નજીકના ચૂંટણી કાર્યાલયમાં ભોજન મુદ્દે ડખો થયો હતો. કાર્યકરોને ભોજન આપવામાં આવતું હતું ત્યારે ભાઈ સ્ટાઈલના ઉમેદવારના સમર્થકે ભોજન માટે બબાલ કરી હતી અને ભોજનની થાળી ફેંકી દીધી હતી. જેન કારણે એક મહિલા ઉમેદવાર રડી પડ્યાં હતાં. જ્યારે બીજા મહિલા ઉમેદવારની તબિયત ખરાબ થઈ ગઈ હતી. આ જુથબંધી હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

### વોર્ડ-10માં જૂના કાર્યકર્તાઓને મનાવી પૂર્ણેશ મોદીએ મોડી રાત્રે ડેમેજ કંટ્રોલ કર્યું

અડાજણ વિસ્તારમાં સ્થાનિક ઉમેદવારના મુદ્દે ભાજપના જ જૂના કાર્યકર્તા વિરોધ કરી રહ્યા હતા. ગત રવિવારે અડાજણ વિસ્તારના લોકો એવો આક્ષેપ કર્યો હતો કે અમારા અડાજણ વિસ્તારના કોઈપણ સમાજે ટિકિટની માંગણી કરી હતી તે પણ સ્વીકારવામાં આવી નથી. જેના કારણે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. જો કે, આ વિરોધ વધુ વકરે તે પહેલાં ગઈકાલે મોડી રાત્રે વિધાનસભાના ઉપાધ્યક્ષ પૂર્ણેશ મોદી રિસાયેલાને મનાવવા પહોંચી ગયા હતા. જેના કારણે હાલ પૂરતો ભાજપનો વિરોધ સ્થગિત થયો હતો.

ભાજપના ઉમેદવારે આપના ઉમેદવારને લલચાવ્યાનો આક્ષેપ

# 'સ્થિત એવી ઊભી કરીશું કે તમારે ફોર્મ પરત લેવું પડશે'

**ભાજપના** વોર્ડ નં.18ના ઉમેદવાર દિનેશ રાજપુરોહીતે આપના ઉમેદવાર કિરણ દિવાકર અને તેની પુત્રીને કોલ કરી ઓફર કર્યાની ઓડિયો ક્લિપ વાઈરલ

### આ ઓડિયો એઆઇ જનરેટેડ છે, મારે કોઇ લેવા દેવા નથી: દિનેશ રાજપુરોહિત

કથિત ઓડિયો ક્લિપ બાબતે વોર્ડ નં.18ના ભાજપના ઉમેદવાર દિનેશ રાજપુરોહીતે જણાવ્યું હતું કે, આ ઓડિયો કલીપ એઆઇ જનરેટેડ હોય તેમ લાગે છે. આ મારો અવાજ નથી. મારે તેની સાથે કોઇ લેવા દેવા નથી અમે અમારા કામના લીધે ચુંટાઇ આવીએ છીએ. ભાજપને આવું કરવાની જરૂર નથી. આ માત્ર આપની લોકોને ગેરમાર્ગે દોરવાની ટ્રિક છે.

સુરતઃ વોર્ડ નંબર 18ના ભાજપના ઉમેદવાર દિનેશ રાજપુરોહિત દ્વારા આપના મહિલા ઉમેદવાર કિરણબેન દિવાકર અને તેમની પુત્રીને ફોન કરી ડરાવવા-ધમકાવવા તેમજ પ્રલોભન આપી ફોર્મ પરત ખેંચવા દબાણ કરાતું હોવાની કથિત ઓડિયો ક્લિપ વાયરલ થઈ છે. ઓડિયોમાં દિનેશ રાજપુરોહિત મહિલા ઉમેદવારને લાલચ આપતા સંભળાય છે કે, 'ચૂંટણીનું આયુષ્ય તો માત્ર 10 દિવસનું જ હોય છે, આપણે આખી જિંદગી પ્રતિદ્વંદ્વી રહીએ એવું મારે નથી કરવું, જો તમે ભાજપમાં જોડાઈ જશો તો આગળ જતાં મોટો ફાયદો થશે.' જ્યારે મહિલા ઉમેદવાર કિરણબેન જણાવે છે કે એકવાર ડગલું માંડ્યું છે એટલે હવે પાછળ હટવું શક્ય નથી, બીજી એક ઓડિયો ક્લિપમાં રાજપુરોહિત ઉમેદવારની પુત્રીને કહે છે કે 'તમારી માતા જેમના ભરોસે છે એવા ગૌતમ કાકા અને ભરત કાકા જેવા લોકો ટૂંક સમયમાં પક્ષ છોડી દેશે અથવા ભાજપમાં જોડાઈ જશે.' ઓડિયોમાં લોન ઓછી કરાવવાની અને '7 રૂપિયા' આપવાની લાલચ આપીને સામેથી ભાજપમાં જોડાવા દબાણ કરાય છે. રાજપુરોહિતે યુવતીને બીજા દિવસે બપોરે 12:00 વાગ્યા સુધીનું અલ્ટીમેટમ આપતા કહ્યું કે, 'જો તમે સામેથી નહીં માનો તો મારે એવી પરિસ્થિતિ ઉભી કરવી પડશે તમારે મજબૂરીમાં ફોર્મ પરત લેવું જ પડશે.'

# ભાજપ કાર્યાલય પર સામાન્ય ચૂંટણી છતાં 'પેટા ચૂંટણી'નાં બેનર્સ

**વોર્ડ** નં.14માં ભાજપના નેતાઓએ કરેલા છબરડાથી વિપક્ષોને આક્ષેપો કરવાનો મોકો મળી ગયો

**જે** નેતાઓને ખબર નથી કે પેટા ચૂંટણી નથી તેઓ કેવી રીતે શાસન કરશે?: વિપક્ષ




સુરતઃ સુરત મનપાની ચૂંટણીમાં વોર્ડ નંબર 14 (ઉમરવાડા-માતાવાડી) માં ભાજપના નેતાઓએ ભાજપના કાર્યાલય પર 'પેટા ચૂંટણી કાર્યાલય' ના બેનરો લગાડતાં ભારે હાંસી ઉડવા પામી છે કે જે નેતાઓ કે ઉમેદવારોને એ જ ખબર નથી કે આ સામાન્ય ચૂંટણી છે કે પેટાચૂંટણી? તે કેવી રીતે શાસન કરશે.

ભાજપ દ્વારા કરાયેલી આ ભૂલને કારણે વિપક્ષોને આક્ષેપો કરવાનો મોકો મળી ગયો છે.

સુરત મનપાની ચૂંટણીમાં ભાજપે એવા 18 ઉમેદવારને મેદાનમાં ઉતાર્યા છે જેઓ ધોરણ 8 કરતા પણ ઓછું ભણ્યા છે, જ્યારે અન્ય 42 ઉમેદવાર માંડ 10 થી 12 ધોરણ સુધીનો અભ્યાસ ધરાવે છે. જેમાં આજે વોર્ડ નંબર 14 ના કાર્યાલય બહાર લાગેલા બેનરે સાબિત કરી દીધું છે કે નેતાઓ અને કાર્યકર્તાઓમાં પાયાની સમજનો અભાવ છે.

ભાજપના નેતાઓએ જાતે જ આવી મોટી ભૂલ કરીને વિરોધીઓને તૈયાર ભાણું પીરસી દીધું છે. ઉલ્લેખનીય છે કે, ભાજપના નેતાઓએ કરેલા છબરડાંને કારણે હાલના ચૂંટણી જંગમાં કોંગ્રેસ અને આપના નેતાઓને ભાજપ પર વરસવાનો મોકો મળી ગયો છે.



## સુરત મહાનગરપાલિકા ચૂંટણી સંગ્રામ-2026



## વોર્ડ નંબર - 13 (વાડીફળીયા-નવાપુરા-બેગમપુરા-સલાબતપુરા)

# આ વોર્ડમાં તળ સુરતીઓએ હંમેશાં ભાજપની લાજ રાખી છે

આ વોર્ડ સુરતના કોટ વિસ્તારનો હિસ્સો છે. તે જૂના સુરતની ભૌગોલિક અને સાંસ્કૃતિક વિવિધતાને રજૂ કરે છે. અહીં પણ વસ્તીનું પ્રમાણ ગીચ છે અને મિશ્ર વસવાટ જોવા મળે છે. ભાજપના ઉદયકાળથી આ વોર્ડમાં ભાજપની વોટબેંક મજબુત રહી છે. વચ્ચે એક-બે વખત કોંગ્રસેની પેનલો પણ જીતી હતી પરંતુ 10 વર્ષથી અહી ભાજપનો દબદબો છે. વર્ષ 2021માં આ વોર્ડમાં ભાજપની પેનલના રેશ્મા લાપસીવાલા, મનીષા મહાત્મા, નરેશ રાણા, સંજય દલાલ જીત્યા હતા. જ્યારે બીજા નંબરે અહી કોંગ્રેસના ચારેય ઉમેદવારો રહ્યા હતા અને આપ છેક ત્રીજા નંબરે રહ્યું હતું. ભાજપના ચારેય ઉમેદવારો મળીને કુલ 1,13,549 મતો મળ્યા હતા. કોંગ્રેસને 65,373 મતો મળ્યા હતા અને બંને વચ્ચે 48,175 મતોનું અંતર હતું. જો કે અમુક શેરી-મહોલ્લાઓમાં કોંગ્રસનું પ્રભુત્વ યથાવત છે. વર્ષ 2021માં 1,21,058 મતદારો અને 119 બુથો હતો પરંતુ એસઆરઆઈ બાદ આ વોર્ડમાં 96,581 મતદારો રહ્યા છે. આ વોર્ડમાં મૂળ સુરતી મતદારો જેની તરફ રહે છે તેની જીત ચોક્કસ નિશ્ચિત થાય છે. દાયકાઓથી આ વિસ્તાર ભાજપનો ગઢ રહ્યો છે.

### જાતિગત સમીકરણ

- **લઘુમતી મતોઃ** નવાપુરા અને સલાબતપુરાના કેટલાક વિસ્તારોમાં લઘુમતી મતદારોની સંખ્યા નિર્ણાયક છે. પરંપરાગત રીતે આ મતો કોંગ્રેસ તરફી રહેતા હોય છે, પરંતુ છેલ્લા કેટલાક સમયથી અહીં મતોનું વિભાજન પણ જોવા મળ્યું છે.
- **મધ્યમ વર્ગ અને પછાત વર્ગઃ** વાડીફળીયા અને બેગમપુરાના વિસ્તારોમાં મધ્યમ વર્ગ અને પછાત વર્ગના મતદારોની બહુમતી છે. આ મતદારો ભાજપ માટે જીતનું મુખ્ય અંગ સાબિત થતા આવ્યા છે.
- **કાપડ ઉદ્યોગ સાથે જોડાયેલો વર્ગઃ** સલાબતપુરા અને બેગમપુરા ટેક્સટાઇલ માર્કેટની નજીકના વિસ્તારો હોવાથી અહીં મોટી સંખ્યામાં નાના વેપારીઓ અને ટેક્સટાઇલ મજૂરો (ખાસ કરીને મજૂર વર્ગ) વસે છે.
- **કારીગર વર્ગઃ** અહીં જરી ઉદ્યોગ અને એમ્બ્રોઇડરી સાથે જોડાયેલા જૂના કારીગરોની મોટી વસવાટ છે, જેઓ પેઢીઓથી અહીં રહી રહ્યા છે.
- **મૂળ સુરતીઃ** આ વોર્ડમાં મૂળ સુરતી મતદારો છે. જે પરંપરાગત ભાજપના મત ગણાય છે. જેથી ભાજપને તેનો ફાયદો છે.

### રાજકીય સ્થિતિ અને મુખ્ય સમસ્યાઓ

વોર્ડ નં. 13 ભાજપ માટે લાંબા સમયથી મજબૂત રહ્યો છે. આ વોર્ડમાં કોંગ્રેસ પાસે લઘુમતી મતોનું સમર્થન હોવા છતાં, ભાજપના ગઢમાં ગાબડું પાડવા માટે સક્ષમ ઉમેદવારો અને સંગઠનનો અભાવ ઘણીવાર જોવા મળે છે. કોટ વિસ્તાર હોવાને કારણે અહીં પણ ટ્રાફિક, સાંકડા રસ્તા અને ગીચ વસ્તીની સાથે સાથે અનેક દબાણો મુખ્ય સમસ્યા છે. સલાબતપુરા જેવા વિસ્તારોમાં ટેક્સટાઇલ ટ્રકોની અવરજવર અને તેને લગતા પ્રદૂષણના પ્રશ્નો ચૂંટણીમાં ચર્ચાય છે. જૂની ગટર લાઈનોનું આધુનિકીકરણ અને પીવાના પાણીના પ્રેશર જેવા પાયાના મુદ્દાઓ અહીંના સ્થાનિક રાજકારણના કેન્દ્રમાં રહે છે. આ ઉપરાંત કોટ વિસ્તારમાં ગંદકી અને સુવિધાના કામો માટે ફાળવાતું ઓછું બજેટ શાસકો સામે એન્ટિઈન્કમબન્સીનું કારણ બની શકે.

### પુરુષ અને સ્ત્રી મતદારોની સંખ્યા

પુરુષ મતદારો: 49,167
સ્ત્રી મતદારો: 47,413
કુલ મતદારો: 96,581

### ભૌગોલિક સ્થિતિ

ભાગળથી નવસારી બજાર જતા કોટ સફીલ રોડ પર વાડીફળીયાથી નવાપુરા-ગોલવાડ, બેગમપુરા અને સલાબતપુરોનો વિસ્તાર એટલે કે ભાગળ ચાર રસ્તાથી સ્ટેશન જતા રાજમાર્ગની જમણી સાઇડનો વિસ્તાર છેક રિંગરોડ સુધી તેમજ મોતી ટોકીઝથી કોટસફીલ રોડ સુધીનો વિસ્તાર આ વોર્ડમાં ઝાંપાબજાર, કરવા રોડ, ટાવરની આસપાસનો વિસ્તાર, મોતી ટોકીઝ અને તેની આસપાસનો વિસ્તાર સમાવેશ પામે છે.




# ઉધનામાં કોંગ્રેસના ઝંડા ઉતારી લેવાયા, ભાજપના રહેવા દેવાયાના આક્ષેપો

**કાશીનગર** મેઈન રોડ પર મંગળવારે રાત્રે કોંગ્રેસના નવા કાર્યાલયના ઉદઘાટન નિમિત્તે ઝંડા-બેનરો લગાડાયા હતાં

**આજ** રસ્તા પર 50થી 100 મીટરના ભાજપના ઝંડા અને પોસ્ટરો ઉતારાયાં નથી: કોંગ્રેસના કૃણાલ સૂર્યવંશી




સુરતઃ ઉધના વિસ્તારમાં વોર્ડ નંબર 24 માં કાશીનગર મેઈન રોડ પર મનપાના દબાણ વિભાગ દ્વારા માત્ર કોંગ્રેસના જ ઝંડા અને બેનરો ઉતારી ભાજપના રહેવા દેવામાં આવી રહ્યા હોવાનો આક્ષેપો કોંગ્રેસ કાર્યકરો દ્વારા કરવામાં આવ્યા છે.

ઉધનાના 120 ફૂટ બમરોલી રોડ પર આશાપુરી ત્રણ રસ્તાથી વેલકમ પાન સેન્ટર સુધીના માર્ગ પર કોંગ્રેસ દ્વારા નવા કાર્યાલયના ઉદ્ઘાટન નિમિત્તે ગત રાત્રે પક્ષના ઝંડા અને બેનરો લગાવવામાં આવ્યા હતા. જોકે, સવારે 8 વાગ્યાના સુમારે મનપાના દબાણ વિભાગનો કાફલો ત્રાટક્યો હતો અને કોંગ્રેસના ઝંડાઓ ઉતારવાની કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરી દીધી હતી. આ કાર્યવાહીની જાણ થતાં જ કોંગ્રેસના સ્થાનિક આગેવાનો અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા અને તંત્રની કામગીરીનો સખત વિરોધ કર્યો હતો. કોંગ્રેસના કાર્યકરોએસવાલ ઉઠાવ્યા હતા કે, આ જ રસ્તા પર માત્ર 50 થી 100 મીટરના અંતરે ભાજપના ઝંડા અને પોસ્ટરો છેલ્લા 10 દિવસથી યથાવત છે, તો તેને કેમ હટાવવામાં આવ્યા નથી? કોંગ્રેસના કાર્યકર કૃણાલ સૂર્યવંશીએ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, જ્યારે અમે દબાણ વિભાગના અધિકારીઓને ભાજપના ઝંડા બતાવીને તે હટાવવા કહ્યું, ત્યારે તેઓએ એવું વાહિયાત બહાનું કાઢ્યું કે 'તે અમારા રૂટમાં આવતું નથી'. જે બતાવે છે કે તંત્ર પક્ષપાતી રીતે વર્તી રહ્યું છે.

# કોંગ્રેસ-આપના ઉમેદવારોને ઉમેદવારી પરત લેવા ધમકાવવામાં આવી રહ્યાના આક્ષેપો

**આપના** વોર્ડ નં.18ના ઉમેદવારનું અપહરણ કરી ગોંધી રાખી દબાણ કરાયાના આક્ષેપો

સુરતઃ સુરત મનપાની ચૂંટણીમાં વોર્ડ નં.18ના આપના ઉમેદવાર ગૌતમ પટેલનું અપહરણ કરી તેને બેસાડી દેવા માટે ડરાવવા, ધમકાવી આખી રાત ગોંધી રાખવામાં આવ્યો અને બાદમાં સવારે જ્યારે આપના નેતાઓ દ્વારા શોધખોળ કરવામાં આવી ત્યારે ભાજપના નેતાઓ ગાડીમાં બેસાડીને ક્યાંક લઈ જઈ રહ્યા હતા, ત્યારે તેમને રસ્તામાં જ અટકાવી હેમખેમ છોડાવી લેવામાં આવ્યા છે તેવા આક્ષેપો આપના નેતા રજનીકાંત વાઘાણી દ્વારા કરવામાં આવ્યા છે.

બીજી તરફ, કોંગ્રેસના શહેર પ્રમુખ વિપુલ ઉધનાવાલાએ ગંભીરતાપૂર્વક જણાવ્યું હતું કે, ભાજપ દ્વારા સુરત શહેર પોલીસની એસોજી શાખાને હાથો બનાવીને વિપક્ષી ઉમેદવારો પર દબાણ લાવવામાં આવી રહ્યું છે. ઉમેદવારોને પોલીસ મથકે બોલાવીને અથવા ઘરે જઈને ફોર્મ પરત ખેંચવા અથવા ચૂંટણીમાં નિષ્ક્રિય થઈ જવા માટે ધમકાવવામાં આવી રહ્યા છે.

### કાર્યાલય માટે જગ્યા આપે તો ભાજપ તેને તોડવાની ધમકી આપે છે: પાયલ સાકરીયા

જે લોકો આમ આદમી પાર્ટીને ચૂંટણી કાર્યાલય માટે પોતાની જગ્યા આપી રહ્યા છે, તેમને ભાજપના માણસો દ્વારા સીધી ધમકી આપવામાં આવી રહી છે કે જો 'આપ'ને જગ્યા આપી તો તમારી દુકાનો અને બાંધકામ તોડી પાડીશું તથા ધંધા-રોજગાર ભાંગી નાખીશું તેવા આક્ષેપો આપના આગેવાન અને પૂર્વ વિપક્ષી નેતા પાયલ સાકરીયા દ્વારા કરાયા છે.

## વોર્ડ નંબર-14 (ઉમરવાડા-માતાવાડી)

# ભાજપે આ વોર્ડ જીતવા છેક સુધી જાગતા રહેવું પડશે

સુરતઃ વર્ષ 2015 અને વર્ષ 2021માં સુરત મનપાની ચુંટણીમાં વરાછાના સૌરાષ્ટ્રવાસી વિસ્તારોમાં ભાજપનો સફાયો થયો હતો. પરંતુ 2021માં ભાજપે અહી વિરોધપક્ષના વિજય રથને અટકાવવામાં સફળતા મેળવી હતી. પરંતુ જીતનું માર્જીન બહુ ઓછુ રહયું હતું. ભાજપના મજબૂત સંગઠન અને જ્ઞાતીના સમિકરણોને ધ્યાને રાખીને ટીકીટ ફાળવવાની ભાજપની વ્યુહનીતીના કારણે અહીથી 2021માં ભાજપના રાજેશ્રી મૈસુરીયા, મધુબેન ખેની, દિનેશ જોધાણી, નરેશ ધામેલીયા જીત્યા હતા. જ્યારે બીજા નંબરે અહી આમ આદમી પાર્ટીના ચારેય ઉમેદવારો રહ્યા હતા અને કોંગ્રેસ છેક ત્રીજા નંબરે રહ્યું હતું. ભાજપના ચારેય ઉમેદવારો મળીને કુલ 64,766 મતો મળ્યા હતા. જ્યારે આમ આદમી પાર્ટીના પહેલી વખત ચુંટણી લડનાર ઉમેદવારોને 47,420 મતો મળ્યા હતા. આમ બન્ને વચ્ચે 17,346 મતોનું અંતર હતું. 2021માં ભાજપે ત્રણ સીનીયરનો ટીકીટ આપી હતી પરંતુ આ વખતે ત્રણેય સીનીયરોની ટીકીટ કપાઈ છે, જ્યારે રાજશ્રી મૈસુરીયાના પતિ સતિષ મૈસુરીયાને મેદાનમાં ઉતારાયા છે. અન્ય વોર્ડની સરખામણીએ ઓછા મતદારો ધરાવતા આ વોર્ડમાં 2021માં 99,455મતદારો અને 95 બુથો હતા જો કે એસઆરઆઈ બાદ હવે સૌથી ઓછા 60,607 મતદારો રહ્યા છે અને બુથની સંખ્યા 68 છે. ગત ચુંટણીમાં પાતળી માર્જીન જોતા ભાજપે અહી છેક સુધી જાગતા રહેવુ પડે તેવી સ્થિતી છે.

### જાતિગત સમીકરણ

વોર્ડ નં. 14 માં વસ્તીનું માળખું મિશ્ર છે,આ વોર્ડમાં પાટીદારો અને ઓબીસીની મિશ્ર વસ્તી છે.

- **શ્રમિક અને મધ્યમ વર્ગઃ** ઉમરવાડા અને માતાવાડી વિસ્તારમાં મોટી સંખ્યામાં રત્નકલાકારો અને ટેક્સટાઇલ મજૂરો વસે છે. આ વર્ગના મતો જે-તે પક્ષની જીત નક્કી કરે છે.
- **લઘુમતી અને પછાત વર્ગઃ** ઉમરવાડાના અમુક ખિસ્સાઓમાં લઘુમતી મતદારોની સંખ્યા નોંધપાત્ર છે, જે પરંપરાગત રીતે ભાજપ વિરોધી લહેર વખતે અન્ય પક્ષો તરફ વળે છે.
- **સૌરાષ્ટ્રવાસી મતદારોઃ** માતાવાડી અને આસપાસના વિસ્તારોમાં હીરા ઉદ્યોગ સાથે સંકળાયેલા સૌરાષ્ટ્રવાસી પરિવારો વસે છે. 2021 માં પાટીદાર આંદોલન પછીની અસરોને કારણે અહીં 'આપ' ને ફાયદો થયો હતો, છતાં ભાજપ પોતાનો ગઢ બચાવવામાં સફળ રહ્યું હતું.

### પુરુષ અને સ્ત્રી મતદારોની સંખ્યા

પુરુષ મતદારો: 32,378
સ્ત્રી મતદારો: 28,225
કુલ મતદારો: 60,607

### મુખ્ય સ્થાનિક મુદ્દા અને પડકારો

- **ટ્રાફિક અને દબાણઃ** માતાવાડી અને ઉમરવાડા મુખ્ય માર્ગો પર હોવાથી અહીં ટ્રાફિકની સમસ્યા વિકટ છે. ખાસ કરીને શાકભાજી માર્કેટ અને લારી-ગલ્લાઓના દબાણો સ્થાનિકો માટે માથાનો દુખાવો છે.
- **પાયાની સુવિધાઓઃ** જૂના લત્તાઓમાં ડ્રેનેજ લાઈન ચોકઅપ થવી અને ચોમાસામાં પાણી ભરાવાની સમસ્યા અહીં પણ જોવા મળે છે.
- **સ્લમ અપગ્રેડેશનઃ** ઉમરવાડા વિસ્તારમાં રહેતા શ્રમિક વર્ગ માટે આવાસ યોજના અને આરોગ્ય સુવિધાઓ મુખ્ય ચૂંટણી મુદ્દાઓ બને છે.
- **પાર્કિંગની સમસ્યાઃ** રહેણાંક સોસાયટીઓની આસપાસ કોમર્શિયલ એક્ટિવિટી વધવાને કારણે પાર્કિંગના પ્રશ્નો સતત ચર્ચામાં રહે છે.
- ખાડી કીનારાની ગંદકી અને સફાઇનો અભાવ

### ભૌગોલિક સ્થિતિ

લાભેશ્વર ચાર રસ્તાથી શરૂ કરી લંબેહનુમાન ગરનાળા સુધી ડાબી બાજુનો વિસ્તાર, ગરનાળાથી ટોરેન્ટ પાવર સુધી રેલ્વે પાટાના પુર્વનો ટેક્ષટાઇલ માર્કેટ સહારા દરવાજાથી ડાબી સાઇડ ન્યુ માર્કેટ સર્કલ સુધી તેમજ લિંબાયત ઝોનાં સ્મીમેરની સામે રાજીવનગર,આશાનગર, સોનીય નગર, સંજય નગર, વિસ્તાર ત્યાથી ખાડીના કીનારે કીનારે આ વોર્ડમાં શ્રીકમ નગર, માતાવાડી, ઇશ્વરકુપા, બોમ્બે માર્કેટ, રેણુકાભવન, સ્વામિનારાયણ, વર્ષા સોસાયટી વિબાગ-1 અને કુબેર નગરના કોપડા ખાડીના કીનારા સુધી.

